કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૧૦ ● જૂન ૨૦૧૬




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧










૧. શ્રી સ્વામિનારાયણ મંદિર, સાયરાના ત્રીજા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.
૨. અમદાવાદ મંદિરમાં રાજકોટ મહિલા મંડળ દ્વારા આયોજીત કથા પારાયણ પ્રારંભ કરાવતા પૂ. મહંત સ્વામી તથા બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી અને વક્તા શા.સ્વામી વાસુદેવચરણદાસજી. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર વસઈ (ડાભલા)માં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી પ્રસંગે આશીર્વાદ પ્રાપ્ત કરતા યજમાન પરિવાર તથા પૂ.પી.પી. સ્વામી, નારાયણ સ્વામી (મહેસાણા) તથા કોઠારી જે.કે. સ્વામી આદિ સંતો અને સભામાં લાભ લેતા હરિભક્તો.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૦ ● અંક : ૧૧૦

જૂન-૨૦૧૬

(મૂળ વર્ષ ૪૮)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | શરણથી ચરણની યાત્રા | ૦૬ |
| ૦૪. | દર્શનની રીતિ | ૦૮ |
| ૦૫. | એકાંતિક ભક્તની વ્યાખ્યા અને લક્ષણો | ૧૦ |
| ૦૬. | જેતલપુરના ઐતિહાસિક દેવસાગર સરોવરમાં સહજાનંદ સ્વામીએ પાર્ષદો સાથે અનેકવાર જળક્રીડા કરી હતી | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૨ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ્

‘‘પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે. પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે, કેમ જે, માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે, તે તો અનંત કોટિ કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે, અને જે ભગવાનના સ્વરૂપના દર્શન કરનારા છે ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે, તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભય પદને પામે છે, ને ભગવાનના પાર્ષદ થાય છે. માટે અમારે તો ભગવાનની કથા, કીર્તન કે વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનને તૃપ્તિ થતી જ નથી, ને તમારે પણ સર્વેને એવી રીતે જ કરવું.’’ (વ.ગ.મ. ૪૯)

વ્હાલા ભક્તો આપણે તો સર્વોપરી સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ આપણી ઉપાસના સર્વોપરી શ્રીહરિને વિષે વિશેષ ને વિશેષ દ્રઢ થાય તેવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૬)



| | |
|---|---|
| ૪ | સ્વદેશ આગમન |
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી |
| ૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ગડાણી-કચ્છ પધરામણી |
| ૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાસર-કચ્છ પધરામણી |
| ૧૦-૧૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) શ્રી નરનારાયણદેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાદરા (જી. ગાંધીનગર) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી |
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા (પંચમહાલ) પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર (રોહા-કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૧૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર મોટી આદરજ પાટોત્સવ પ્રસંગે અને વસઈ (ડાભલા) શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી |
| ૧૮-૧૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર કોડાઈ (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી |
| ૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની (બાપુનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસાવાસણા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર ખેરોલ પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.<br>રાત્રે ભુજ (કચ્છ) પધરામણી. |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રસાદી મંદિર ભુજ (કચ્છ) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૨૮-૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર (ઉગમણું) પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગર (ભક્તિનગર) અને ન્યુ રાણીપ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |

૩૧ થી ૧૪ જૂન યુ.કે. અને અમેરિકા ધર્મપ્રવાસ.

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે-૨૦૧૬)

| | |
|---|---|
| ૧૩ | શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૨૪ | શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ કથા પ્રસંગે પધરામણી |
| ૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર સાયરા પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા તા. વિજાપુર કથા પ્રસંગે પધરામણી |



# શરણથી ચરણની યાત્રા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાનનાં દર્શન કરવા મંદિરમાં જઈએ ત્યારે બે હાથ જોડી મસ્તક નમાવી દ્રષ્ટિથી મૂર્તિના દર્શન કરવાની શાસ્ત્રોમાં જે પધ્ધતિ બતાવી છે, તે મુજબ દર્શન કરવા. મન અને નેત્રની ચંચળતા દૂર કરી દ્રષ્ટિ વડે સર્વ પ્રથમ મૂર્તિમાં ચરણનાં દર્શન કરવા. ભગવાનનાં ચરણમાં ''મા'' ભક્તિનો વાસ છે. ભક્તિ તત્વ દ્રષ્ટિ વડે લઈને પછી મુખારવિંદનાં દર્શન કરવાં. જગતમાં કહેવત છે, પહેલાં ચરણ પછી ચેહરો જોવો. સામુદ્રિક શાસ્ત્રમાં જણાવ્યું છે કે, દરેક માણસની શરીર રચનામાં પગ પોતાની માતાના જેવા હોય છે. માથું, હાથ અને સ્વર (અવાજ) બાપના જેવો હોય. માતા અવશેષ ચરણ અને આંખોમાં જોવા મળશે. મા એટલી બધી સરળ છે કે, સંતાનના ચરણમાં જ રહેવાનું પસંદ કરે છે. એટલે ભક્તિમાતાનો વાસ શ્રીહરિના ચરણમાં છે. ચરણ જનેતાનું પ્રતિક છે. આપણા નંદ સંતોએ જે કીર્તનોની રચનાઓ કરી છે તેમાં વિશેષતઃ ચરણનાં વર્ણન વિનાના કોઈ કીર્તન જોવા નહિ મળે. જે મૂર્તિનાં પ્રથમ ચરણનાં દર્શન કરે તેને જ સમ્પૂર્ણ અંગોના દર્શન કરવાનો અધિકાર મળે છે. મુક્તાનંદ સ્વામીએ કાલવાણીમાં આરતી પ્રગટ કરી ત્યારે પ્રથમ કડીમાં ''ચરણ સરોજ તમારા વંદુ કર જોડી'' આરતીનો દીપ પ્રથમ ચરણે ધર્યો. જો કે પૂજા વિધિમાં પણ પ્રથમ આરતી ચરણની કરવાનો ઉલ્લેખ છે. વંદન ભક્તિમાં ભગવાનના ચરણે મસ્તક નમાવવાનું કહ્યું છે તથા નમસ્કારની વિધિમાં ચરણે મસ્તક નમાવવાથી મસ્તકમાં રહેલી બુધ્ધિમાં ભક્તિનો આર્વિભાવ થાય છે. મસ્તક ચરણે સ્પર્શ કરવાની શ્રધ્ધા અથવા શક્તિ ન હોય તો ભગવાન અને સંતો-મહાપુરુષો-મા-બાપના હાથ વડે ચરણ સ્પર્શ કરી આંખે સ્પર્શ કરીએ છીએ. કેમ કે આંખ પણ માતાનું પ્રતિક છે, આંખ પણ ભક્તિતત્વ માગતી હોય છે. એટલે હાથ વડે ચરણમાં બિરાજમાન ભક્તિ તત્વને આંખમાં પધરાવીએ છીએ. શ્રધ્ધાપૂર્વક વંદન કરવા હોય તો ચરણની રજ આંખે સ્પર્શ કરાવવો. એમ કરવા સમર્થ ન હોઈએ તો બે હાથ જોડી મૌન દૂરથી વંદન કરવાં.

આપણી ભારતીય ગુરુ પરંપરાઓમાં બધાજ મતના અનુયાયીઓમાં એક જ પ્રથા ચાલી આવી છે તે ભલે શૈવ, વૈષ્ણવ હોય પરંતુ પરંપરાને પૂજવા ભગવાન કે ગુરુની ચાખડીઓ પૂજે છે. તેનો અર્થ એ થયો કે ચાખડી પૂજવાથી સમ્પૂર્ણ સ્વરૂપની પૂજા થઈ. રામાવતારના સમયથી રામ વનમાં પધાર્યા તો ભરત રાજ્યગાદી પર ના બેઠા પરંતુ રામ રાજા છે એવો ભાવ લાવી રામની ચાખડીઓ ગાદી પર પધરાવીને રાજ્ય કર્યું. આજે પણ કેટલાક સંપ્રદાયો ચાખડી જ માત્ર પૂજે છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ભગવાનનાં ચરણમાં સોળ ચિન્હો રહે છે. તથા અડસઠ તીર્થોનો નિવાસ છે. એટલે

ચરણનાં દર્શન કરવાથી સર્વ તીરથ ફળ મળે.

નવધા ભક્તિમાં પાદસેવન ભક્તિનું ખૂબજ મહત્વ છે. શ્રીજી મહારાજ ધરમપુર પધાર્યા ત્યાંના રાજમાતા કુશળકુંવરબાએ રાજગાદી સોંપવાની ભાવના વ્યક્ત કરી કહ્યું કે હવે આપ અહીં જ રહો. ત્યારે શ્રીહરિએ કાપડ પર અઢાર ચરણારવિંદની છાપ પાડી આપીને કે આ અમારાં પગલાં રાખજો તો અમારો તે રૂપે ધરમપુરમાં સદાય નિવાસ છે એમ જાણજો. શ્રીહરિ સંત-હરિભક્ત પર અતિ પ્રસન્ન થાય ત્યારે રાજીપાના પ્રતિક રૂપે તેને ચરણારવિંદ આપતા, જે આપણને ગામો ગામ ઘરોઘર દર્શન થાય છે. કેટલાક સંતોને છાતીમાં ચરણારવિંદ આપતા. આપણા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં વિવિધ પ્રકારના ૫૫૦ ચરણારવિંદની જોડનાં દર્શન થાય છે. જેમાં કંકુનાં, ચંદનનાં કાગળ, કાપડ પર વિગેરે છે. તેનાં ખૂબજ ધ્યાનથી દર્શન કરજો. એમાં મહારાજનાં ચરણનાં ચિન્હો અને આડી ઉભી રેખાઓનાં સ્પષ્ટ દર્શન થાય છે. ચરણારવિંદની દિવ્ય સંપત્તિ આપણા સંપ્રદાય વિના અન્ય જગતમાં ક્યાંય જોવા નહિ મળે.

આપણા સંતોએ ગદ્ય-પદ્ય કે કાવ્યની રચનાઓ કરી તેમાં પોતાના નામની આગળ ''ચરણ સેવક'' એવાં સંબોધન લખેલાં છે. શ્રીહરિએ જેતલપુરના વચનામૃતમાં બોલ્યા કે, લક્ષ્મણજી ૧૪ વર્ષ સુધી રામ-સીતાજીની સાથે વનમાં રહ્યા પણ ચરણ સિવાય ક્યાંય દૃષ્ટિ ગઈ નથી. કેમ કે હનુમાનજી સીતાજીનાં ઘરેણાં લઈને આવ્યા તો માત્ર ચરણનાં ઝાંઝર ને જ ઓળખી શક્યા એવું કહીને શ્રીહરિએ લક્ષ્મણજીને યતિ કહ્યાં.

કેટલાક પુરાણોનો મત છે કે, ચરણ સ્પર્શ કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે. કેમ કે યાજ્ઞવલ્ક્ય નાના હતા ત્યારે તેનો અંત સમય નજીક આવ્યો હતો તે સમયે સંતો સામા મળ્યા તે સંતોને સાષ્ટાંગ વંદન કર્યા તો સંતોએ આશિષ આપતા કહ્યું કે ''ચિરાયુ ભવઃ'' તો યાજ્ઞવલ્ક્યજી દીર્ઘ આયુષ્ય પામ્યા.

ભગવાન રામ વનમાં પધાર્યા ત્યારે ગંગાપાર જવા ખેવટ પાસે નાવમાં બેસવાની માંગ કરી તો ખેવટે ''ચરણ ધોવાની'' શરત કરી. જે રામના પાવલાં પખાળીને સાધકોમાં અધિપતિ ગણાયો.

ભક્ત કવિઓ એવું માગે કે, આપો અમને તવ ચરણમાં વાસ ''વન્દે મહાપુરુષતે ચરણારવિંદમ્,''

જે મુમુક્ષુ ચરણનો ઉપાસી છે તેને ફરી માતાના ગર્ભમાં આવવું પડતું નથી. પ્રેમાનંદ સ્વામીએ વંદુના પદમાં એક આખું પદ ''વાલા તારા જુગલ ચરણ રસરૂપ'' ચરણ વિષે ગાયું છે. શ્રીહરિ કહે આવી જેને સ્મૃતિ રહેતી હોય એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત કરીએ. તેને ફરીને ગર્ભાવાસમાં જવું નહિ પડે.

સાધનાની શરૂઆત શરણથી અને પૂર્ણાહુતિ ચરણથી. જે ચરણારવિંદ સુધી પહોંચ્યો તે સાધનાની શિખરે પહોંચી ગયો.

એકવાર શ્રીહરિએ મુળજી બ્રહ્મચારીને પાદુકાને તેલ ચોપડવાની સેવા આપી, તો તેમને કોઈ હરિભક્તે સેવાની માગણી કરી તો તે સેવા બ્રહ્મચારીએ આપી તો શ્રીહરિ નારાજ થયા અને છ મહિના સુધી બ્રહ્મચારીને સેવામાંથી કાઢી મુક્યા. ચરણની સેવા મળે તો જાણજો શ્રીહરિએ આપી છે. મોકો મળે અને નહિ કરવામાં આવે તો સેવકમાંથી આપણું નામ બાકાત થઈ જશે. પછી મહારાજના નહિ ''માયા''ના સેવક ગણાશું.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૦૦ ● શયન આરતી ૨૦-૩૦



# દર્શનની રીતિ

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

દર્શન કેવી રીતે કરવાં જોઈએ એની એક આગવી રીતિ છે અને હોવી પણ જોઈએ. વચનામૃત સારંગપુરનાં બીજા પ્રકરણમાં શ્રીજી મહારાજે દર્શન કરવાની રીતિનું સુંદર નિરૂપણ કરેલું છે.

આપણા સંપ્રદાયમાં વરસોવરસ ઉત્સોવની હારમાળા સર્જાતી રહે છે. પ્રત્યેક વર્ષે શાકોત્સવ, વાર્ષિક પાટોત્સવ કે પછી કોઈ મોટા ઉત્સવ કે મહોત્સવ એમ અવાર-નવાર આયોજન થતાં જ રહે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અથાગ દાખડો કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય અને એનો સાચો પ્રચાર અને પ્રસાર થતો રહે તે માટે સતત પ્રયત્નશીલ રહી દેશ-વિદેશમાં નિરતંર વિચરણ કરતા રહે છે, તેથી ચોક્કસપણે સંપ્રદાય વિસ્તૃત પણ થયો છે અને એટલે જ સ્વાભાવિક છે કે સત્સંગી જનોની સંખ્યા પણ વધે જ.

વળી શ્રીહરિની આજ્ઞા પણ છે કે, ‘‘અમારા સત્સંગીએ નિત્ય પ્રત્યે મંદિરે જવું. એ રીતે પણ રોજે રોજ અચૂક પણે દર્શન માટે ભક્તજનો આવતા જ હોય છે. વળી અગિયારશ હોય, પૂનમ હોય એ દિવસોએ આસપાસનાં ગામે ગામથી ભક્તજનો શ્રી નરનારાયણદેવનાં દર્શન માટે આવતાં હોય છે.

પ્રત્યેક વરસે ફાગણ સુદ ત્રીજ આવે એટલે જાણે વણ નોતર્યું નિમંત્રણ ! વિશ્વના સર્વ પ્રથમ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ મધ્યે બિરાજતા ભરત ખંડના મહારાજા એવા શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ હોય એટલે પછી પૂછવું જ શું ? ચો તરફથી વહેતી નદીઓનાં જળથી જેમ સમુદ્ર છલકાય તેમ ભક્તજનોના અવિરત પ્રવાહથી મંદિરનું પ્રાંગણ ઉભરાઈ જાય છે.

હવે તો ટીવી કેબલ-નેટવર્કની સુવિધા હોવાથી મંદિરના પટાંગણમાં જ વિશાળ ટી.વી. દ્વારા અભિષેક વિધિનું જીવંત પ્રસારણ બેઠાં બેઠાં નિહાળી શકાય છે. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. લાલજી મહારાજશ્રી એમ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા શ્રીનરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા ધર્મપિતા ભક્તિમાતા, હરિકૃષ્ણ મહારાજ એ સર્વેનો ષોડશોપચાર વિધિથી અભિષેક થઈ રહ્યો હોય, મનોહર મૂર્તિ ઉપર કેસર-ચંદન યુક્ત જળ, દૂધ, ઘી, સાકર આદિક દ્રવ્યોથી જ્યારે અભિષેક રેલાતો હોય છે ત્યારે દર્શન કરી રહેલા ભક્તજનોની આંખોમાંથી પણ ભાવાશ્રુ વહી રહ્યાં હોય છે - આવો અદ્‌ભુત શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ હોય છે.

બાઈ-ભાઈ ભક્તજનોથી સમગ્ર મંદિર છલકાઈ ગયું હોય, ઝાલરોનો સુરમ્ય રણકાર થઈ રહ્યો હોય, એવે વખતે અભિષેક વિધિના દર્શન કરવા હૈયે હૈયાં ભીંસાય એમ ભક્તજનો આગળ વધતાં હોય - જાણે ગંગા-યમુનાની લહેરો જોઈ લો !

અભિષેક આરતી પૂર્ણ થયા પછી ત્રણેય અપર સ્વરૂપો એવાં જ ભીનાં શ્વેત વસ્ત્રો સહિત સમગ્ર મંદિરમાં ભક્તજનોને દર્શન આપવા માટે જ પધારી રહ્યાં હોય છે એવે વખતે ભક્તોની એમનાં ચરણ સ્પર્શ કરવાની તાલાવેલી ચરમ સીમાએ હોય એટલે સ્વાભાવિક છે કે થોડી ધક્કા મુક્કી પણ થાય પરંતુ આસ્થાની દોટ ને અવ્યવસ્થાતો ના જ કહેવાય. ભક્તોની આચાર્યશ્રીનાં દર્શન માટેની પડાપડી ચોક્કસપણે સરહાનીય છે. પરંતુ એવી ઉતાવળમાં ભક્તો એમના હાથને કે ખેસને સ્પર્શ

કરે એ યોગ્ય તો ન જ કહેવાય. એ દર્શનની આદર્શ રીત ભાત નથી. એવે ટાણે દૂર ઊભા રહી બે હાથ જોડી એમને વંદન કરી લેવાં. આવા પ્રેમપૂર્વક વંદન કરતા ભક્તજન ઉપર આચાર્યશ્રીની દ્રષ્ટિ પહેલી પૂગે છે અને એવા મર્યાદા પૂર્વક દર્શન કરી રહેલા ભક્ત ઉપર જ એમના અંતરનો રાજીપો વર્તાય છે.

નિત્ય પ્રત્યે દર્શનાર્થે આવતાં બાઈ-ભાઈ ભક્તોએ પણ દર્શનની રીતિનું યથાર્થ પાલન અચૂકપણે કરવું જોઈએ. બહેનોએ ભાઈઓની પાછળ એમનાં વિભાગમાં રહી દર્શન કરવાનાં હોય અને ભાઈઓએ પણ એમનાં વિભાગમાં દર્શન કરતી વેળા વચ્ચે જગ્યા રાખીને આજુ બાજુ હરોળમાં ઉભા રહીને દર્શન કરવાં જોઈએ, જેથી પાછળ દર્શન કરી રહેલાં બહેનોને અડચણરૂપ ન બનીએ.

સૌથી આગળના સંતોના (કોરીમાં) વિભાગમાં પણ સામાન્યતઃ ભાઈઓ જઈને દર્શન કરે છે, પરંતુ જ્યારે અગિયારશ, પૂનમ કે ઉત્સવ પાટોત્સવ પ્રસંગે દર્શનાર્થીઓની ખૂબ ભીડ હોય ત્યારે ''રોજ આગળ જઈને દર્શન કરીએ છીએ એટલે આગળના વિભાગમાં જઈને જ દર્શન કરીશું.'' એવો આગ્રહ આવે વખતે દુરાગ્રહ બની રહે છે.


વસંત પંચમી આવે એટલે મૂળી મંદિરમાં પણ વાર્ષિક પાટોત્સવ અને વસંત પંચમીનો સમૈયો એમ બેવડો લાભ લેવા ભક્તજનો ઉમટી પડતા હોય છે. ત્યારે પણ સત્સંગી માત્રએ દર્શનની રીતભાત અને મર્યાદા અવશ્યપણે પાળવી જોઈએ.

આપણો સંપ્રદાય આમેય આચરણનો સંપ્રદાય છે અને આચરણ દ્વારા જ સત્સંગી માત્ર શોભી રહે છે. શ્રીહરિની મનોહર મૂર્તિ સન્મુખ સૌથી આગળ ઉભા રહીને દર્શન કરીશું તો જ દર્શન સુખ ગણાય એ માન્યતા બરાબર નથી.

શ્રીહરિ તો કહે છે કે, ''ભગવાનનું એક નિમિષમાત્રનું દર્શન જો થયું હોય અને તે ઉપર બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વે તે વારી ફેરીને નાંખી દઈએ તો પણ તેનાં કોટિમાં ભાગની બરોબર પણ થાય નહિ એવું એમનાં દર્શનમાં સુખ સમાયેલું છે.

પાસે રહીને કે છેટે રહીને પણ જો મન સહિત દૃષ્ટિ એકાગ્ર રાખીને દર્શન કરીશું તો જ એ દર્શનનું સાચું સુખ પ્રાપ્ત થશે. એ માટે મૂર્તિની આગળ જ ઊભા રહીને દર્શન કરવાં એવો આગ્રહ જરૂરી નથી. ભીડ હોય ત્યારે માત્ર પરમેશ્વરનાં સ્વરૂપની ઝાંખી થઈ જાય એવાં નિમિષમાત્રનાં દર્શનની એ અલૌકિક ક્ષણને દૃષ્ટિ પલટીને અંતરમાં કિલક કરવાની હોય. એવાં દર્શન જ નિત્ય નવાં રહે છે.

ધર્મવંશીના આચાર્યશ્રીનાં દર્શન બાબતે પણ મર્યાદા જાળવવી જોઈએ અને ચરણ સ્પર્શ કરવા મળે તો બરાબર નહિં તો પછી દૂર ઉભા રહીને બે હાથ જોડી ને વંદન કરી લઈએ એવાં દર્શન જ સર્વથા ઉચિત છે.







# એકાંતિક ભક્તની વ્યાખ્યા અને લક્ષણો

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના એકાંતિક ભક્ત બનવું એ બહુ મોટી વાત છે. પરંતુ એકાંતિક ની વ્યાખ્યા શ્રીહરિના મુખના અમૃત વચનો (વચનામૃત)ના આધારે સમજીએ તો આપણને એકાંતિક ભક્તના સાચા લક્ષણોનું યથાર્થ જ્ઞાન થાય. અને આવી એકાંતિકની વ્યાખ્યામાં કદાચ આપણે આવતા હોઈએ તો પણ બીજા ભક્તો આગળ જ્યારે આપણે પોતાને એકાંતિક ગણાવીએ ત્યારે તેમાં સ્વપ્રશંસા રૂપ દોષ ભળે છે. જે કંઈ ધર્મનું આચરણ કે શ્રીહરિની આજ્ઞાઓનું પાલન કરવું એ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે જ કરવું. શ્રીહરિનાં દાસાનુદાસ રહેવાથી જ શ્રીહરિ આપણા ઉપર વિશેષ રાજી થાય છે. ધર્મનો કોઈ એક ચોક્કસ નિયમ દ્રઢ પણે કરીને પાળીએ તેનાથી એકાંતિકની વ્યાખ્યામાં આવી જવાતું નથી. શ્રીહરિએ ઘણા વચનામૃતમાં એકાંતિક ભક્તના લક્ષણો કહ્યા છે તે ટૂંકમાં જોઈએ.

શ્રીહરિએ પ્રથમ સાચા ત્યાગીના લક્ષણો કહ્યા, ત્યાર પછી જનક રાજાનું દ્રષ્ટાંત આપીને ગૃહસ્થ હરિભક્તની સ્થિતિ બતાવી. શ્રીહરિ કહે, જનક જેવા રાજા હતા ને રાજ્ય કરતાને મન તો મોટા યોગેશ્વર જેવું હતું. જનક રાજાનું વાક્ય બહુ પ્રસિધ્ધ છે. ''આ મારી મિથિલા નગરી બળે છે પણ તેમાં મારું કાંઈ બળતું નથી.'' શ્રીહરિ કહે આવી સ્થિતિ વાળો જે ગૃહસ્થ ભક્ત ઘરમાં રહેતો હોય તો પણ તેને એકાંતિક ભક્ત કહેવાય. એવી સ્થિતિ ન હોય તેને પ્રાકૃત ભક્ત કહેવાય.

શ્રીહરિએ ભગવાનના ભક્ત માટે ચાર પ્રકારની નિષ્ઠાનું નિરૂપણ કર્યુ છે અને એક એક નિષ્ઠાના અલગ અલગ લક્ષણો દર્શાવ્યા છે. ધર્મ નિષ્ઠા, આત્મ નિષ્ઠા, વૈરાગ્ય નિષ્ઠા અને ભક્તિ નિષ્ઠા આ ચાર પ્રકારની નિષ્ઠામાં દરેક ભક્તને એક નિષ્ઠાનું પ્રધાનપણું હોય, બાકીની નિષ્ઠા ગૌણ પણે વર્તતી હોય. **શ્રીહરિ કહે જ્યારે એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વે થકી અધિક છે અને તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ.**

શ્રીહરિ કહે, સર્વ સાધન કરતાં વાસના ટાળવી એ સાધન મોટું છે. વાસના રહિત વર્તવુ એ એકાંતિકનો ધર્મ છે અને વાસના જરાક રહી જાય તો, સમાધિવાળો હોય અને નાડી પ્રાણ તણાતાં હોય તોય પણ વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે. **માટે વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત છે. વળી શ્રીહરિ કહે છે, જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે જ થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.**

શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે અર્જુન સાથે દ્વારિકામાંથી રથ ઉપર બેસીને ભૂમા પુરુષ પાસેથી બ્રાહ્મણના પુત્રને લઈ આવતા હવા ત્યારે દિવ્ય મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાન તેને પ્રતાપે કરીને લાકડાનો જે રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડા તે સર્વે દિવ્ય ને માયા પર પંચ ભૂતના દેહવાળઆ જે ઘોડા તે સર્વે દિવ્ય ને માયા પર જે ચૈતન્ય તે રૂપે થતા હવા તે સત્ય દ્રષ્ટાંતની વાત કરીને શ્રીહરિ કહે, માટે જે ભગવાનની મૂર્તિને પ્રતાપે માયિક પદાર્થ હતા તે પણ અમાયિક થયા, એવું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂર્ખ હોય તે માયિક સમજે, **અને જે એકાંતિક સંત છે, તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંત કોટિ મુક્ત અને અક્ષરધામ એ સર્વેના આત્મા જાણે છે.** માટે કોઈ ગમે તેવા શાસ્ત્ર વંચાતા હોય અને

તેમાં ભગવાનનું નિર્ગુણ પણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે પણ **ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. એવી રીતે જે સમજે તેને એકાંતિક ભક્ત કહીએ.**

શ્રીહરિ કહે, જેને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય છે ને ભગવાનમાં પ્રીતિ પણ સાધારણ જેવી જ છે તે તો એમ જાણે છે જે, "મારા જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન છે એમ જાણીને ઉપરથી તો ભગવાનની મૂર્તિના દર્શન સ્પર્શાદિક ને વિષે આતુરતા જેવું નથી જણાતું ને શાંત પણા જેવું જણાય છે. **તો પણ એની પ્રીતિના મૂળ ઉંડા છે તે કોઈ કુસંગને યોગે કરીને પણ એની પ્રીતિ ઓછી થાય એવી નથી. માટે એ ભક્ત શ્રેષ્ઠ છે ને એકાંતિક છે."** શ્રીહરિએ પંચાળાના ત્રીજા વચનામૃતમાં એકાંતિકી ભક્તિ કોને કહેવાય તે પણ સુંદર રીતે સમજાવીને જ્ઞાની ભક્ત જેને શ્રેષ્ઠ કહ્યો છે તેની પણ વ્યાખ્યા કહી છે.

મહાભારતના યુધ્ધમાં અર્જુનનું દ્રષ્ટાંત આપીને શ્રીહરિએ કહ્યું જે, **માટે જેને સર્વથી ભગવત્સ્વરૂપનું બળ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને તે જ પાકો સત્સંગી કહેવાય.** એ વિના બીજા તો ગુણબુધ્ધિવાળા કહેવાય. જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે.

શ્રીહરિ કહે, **"એકાંતિક ભક્ત તો તે ખરો જે પોતાને બ્રહ્મરૂપ માનીને સ્વધર્માદિક અંગે જુક્ત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે પુરુષોતમ તેનું ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને જેટલાં પરમેશ્વરે વર્તમાન કહ્યાં હોય તેમાં ફેર પડવા દે નહિ, એવો હોય તે એકાંતિક ભક્ત જાણવો. એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ, ને પોતાને ચેતનરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાનને વૈરાગ્ય, તેણે સહિત ભગવાનની ભક્તિ કરે, ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.** એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરુવં એ મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જમરણ છે. ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ, તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે.

એકાંતિક ભક્તના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે છે. અને એ ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષય હોય તો પણ ભગવાન સંબંધી જ હોય, અને તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે, ત્વચા ભગવાનનો સ્પર્શ કરવા ઈચ્છે, નેત્ર તે ભગવાનને ભગવાનના સંતના દર્શન કરવા ઈચ્છે અને રસના તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને ઈચ્છે, નાસિકા તે ભગવાનને ચડ્યાં જે પુષ્પ તુલસી તેની સુગંધને ઈચ્છે, પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને સુખદાયી જાણે જ ન નહિ, એવી રીતે જે વર્તે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય.

તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય રૂપ રહ્યું છે તેને સમજે છે. પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશ માત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને તેને માયાની નિવૃતિ થઈ કહેવાય. અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. પરિપકવ ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે માટે તેને તો પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે. તે સારું કોઈ પદાર્થમાં તે મોહ પામતો નથી. શ્રીહરિ કહે, **"આપણા ઉધ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ, એ ચાર વાનાં જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય. અને આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય પણ તે જ છે."**

**અને તે ભગવદ્ ભક્ત કેવો હોય તો ભગવાનની સેવા વિના ચતુર્ધા મુક્તિને પણ ન ઈચ્છે તો બીજાની શી વાર્તા ? એવો હોય તે ભગવાનનો એકાંતિક ભક્ત જાણવો, ને એને કોઈ પદાર્થમાં ઈશક ન હોય. એટલે સાર રૂપે વ્યાખ્યા એ આવી કે આપણા સંપ્રદાયમાં આજે પણ જે ભક્તને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત એવી શ્રીહરિને વિષે અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તે સર્વે એકાંતિક ભક્તની વ્યાખ્યામાં આવે છે અને આપણા સંપ્રદાયમાં આજે પણ એકાંતિક ભક્તો ઘણાં છે જે શ્રીહરિએ પધરાવેલ શ્રી નરનારાયણાદિક દેવોનો પ્રતાપ-કૃપા અને ધર્મવંશી આચાર્યશ્રીના આશીર્વાદનું ફળ છે.**

# જેતલપુરના ઐતિહાસિક દેવસાગર સરોવરમાં સહજાનંદ સ્વામીએ પાર્ષદો સાથે અનેકવાર જળક્રીડા કરી હતી

લોક જીવનનાં મોતી : જોરાવરસિંહ જાદવ
ગુજરાત સમાચાર તા. ૨૧-૫-૧૬ રવિવારની પૂર્તિમાંથી સાભાર સ્વીકાર
(માહિતી - પી.પી. સ્વામી)



અમદાવાદની દક્ષિણ દિશામાં પંદરેક કિ.મી.ના અંતરે દસક્રોઈ તાલુકાનું જેતલપુર ગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ ઉપર આવેલું છે. ગામમાં દાખલ થતા પૂર્વમાં શ્રીજી મહારાજે બનાવેલું સ્વામિનારાયણ મંદિર ધર્મધજા લહેરાવી રહ્યું છે. પશ્ચિમ દિશામાં જૂનો પુરાણો કિલ્લો અને બુરજ છે. તેની પાછળ દેવસાગર તળાવ છે. તળાવના કિનારે દક્ષિણ બાજુ નાનો મહેલ અને વાડીઓ આવેલા છે. આ ધરતી પર પગ મૂકતાં જ જેતલપુર ગામની પ્રાચીનતાનો ઈતિહાસ આળસ મરડીને બેઠો થાય છે. વહવંચા બારોટોના ચોપડા બોલે છે કે જેતલપુર ગામની સ્થાપના ઈ.સ. ૧૩૩૯ ના અરસામાં થયેલી છે. ગામનું તોરણ બંધાયું તે પહેલા દેવસાગર તળાવની પશ્ચિમ બાજુ થોડે દૂર ઈન્દ્રોડિયા નામે ગામ હતું એ દિશામાં ગાઢ જંગલો હોવાથી જંગલી જાનવરો અને ચોર-ડાકૂઓને લઈને ગામની સલામતી ભયમાં રહેતી. હાલની જગ્યાએ જેતલ નામની રબારણ બાઈનો નેસડો હતો. તેની ઢૂંકડો ધોરી માર્ગ પસાર થતો હતો જે મોટા માર્ગ તરીકે ઓળખાતો તો આ જગ્યા સલામત લાગતા ઈન્દ્રોડિયાના પ્રજાજનો વર્ષો પૂર્વે અહીં આવીને વસ્યા અને જેતલ રબારણના નેસ ઉપરથી ગામનું નામ જેતલપુર પડ્યું એમ ઘૈડિયાઓ કહે છે. જેતલપુરનું જુનું નામ જતીલપુર હશે. 'મિરાતે અહમદી' પુસ્તકમાં દેવસાગર તળાવના કિનારે ઉભેલા કિલ્લાને જતીલપુરની ગઢી એવું નામ આપેલું છે.

અમદાવાદ વસાવનાર અહમદશાહના વંશજોનું રાજ્ય ઈ.સ. ૧૫૭૩ સુધી ટક્યું એ પછી મોગલ શહેનશાહ અકબરે ગુજરાત જીતી લઈ તેને મોગલ સલ્તનતમાં ભેળવી દીધું. અમદાવાદમાં મોગલ સલ્તનતનો સુબા નીમ્યો. ઈતિહાસવિદ્ રત્નમણીરાવ લખે છે કે ગુજરાતના સુબા તરીકે જહાંગીરે પોતાના પુત્ર શાહજહાંને નીમ્યો. તેના હાથ નીચે સફીખાન નાયબ

સુબો હતો. શાહજહાંએ ગાદી મેળવવા જહાંગીરને કેદ કરી બળવો કર્યો પણ સફીખાન જહાંગીરને વફાદાર રહ્યો. શાહજહાંના સૈન્ય અને સફીખાનના સૈન્ય વચ્ચે જેતલપુરના પાદરમાં ઈ.સ. ૧૬૨૩ ના ૧૦ જૂને મોટી લડાઈ થઈ. સફીખાન તેમાં વિજયી બન્યો. આ વિજયની યાદમાં મોગલ બાદશાહ જહાંગીરે સફીખાનને સૈફખાંનો ખિતાબ આપ્યો. તેનો પગાર સાતસો હતો તે વધારીને ત્રણ હજારનો કર્યો. અને તેને ૩૦૦૦ ઘોડાની સરદારી આપી. ગુજરાતનો મુખ્ય સૂબો નીમ્યો.

જેતલપુરની લડાઈની જીતની યાદમાં સૈફખાને જેતલપુરમાં તળાવ કાંઠે મહેલ અને સૈફબાગ નામનો બગીચો બનાવ્યો. પાછળથી એ બાગ જીત બાગ અથવા જીન્નત બાગના નામે ઓળખાયો. સૈફખાંએ દેવસાગર તળાવની બાજુમાં જેતલપુરનો કિલ્લો બાંધ્યો. મહેલ બાંધ્યો. આ કિલ્લો તળાવની ભવ્યતામાં વધારો કરે છે. કિલ્લાની બાજુમાં ખાઈઓ ખોદેલી છે. ગઢમાં તોપો મૂકવાની બારીઓ હતી આજે જીર્ણ હાલતમાં છે. આ ખંડિયેરો જેતલપુરના જૂના ઈતિહાસનો મહત્વની કડીઓ પૂરી પાડે છે. સાડા ત્રણસો વર્ષે પૂર્વ બાંધેલો આ કિલ્લો આજે ખંડિયેર હાલતમાં છે પણ તેનો ઉપર તરફનો બુરજ આજે તેની ભવ્યતા રજૂ કરતો ઉભો છે. આ પુરાણા કિલ્લામાંથી મહેલમાં જવાનો ભૂગર્ભ માર્ગ પણ મોજુદ છે તે તળાવમાં ઢંકાયેલો છે.

જેતલપુર અમદાવાદ અને ખંભાત વચ્ચેના વેપારી મહામાર્ગ ઉપર આવેલું છે. જેતલપુરનો કિલ્લો બંધાયા પછી બારેજા થાણદારનું મથક બન્યું. મોગલાઈમાં દસ સ્વાર અને પંદર પાયદળ એમાં રહેતું. અમદાવાદથી નીકળતો રસ્તો જેતલપુર, બારેજા થઈ ખંભાત જતો. એ બાજુથી આવતા જતાં કાપડ ઉપર જેતલપુરમાં જકાત લેવાતી.

ઈ.સ. ૧૭૯૬ માં બાજીરાવ બીજો પેશ્વા થયો એણે પોતાના પ્રતિનિધિ તરીકે કશનરાવ ભીમરાવ શેલુકરની નિમણુંક કરીને સને ૧૭૯૮ માં તેને અમદાવાદમાં મોકલ્યો. શેલુકર અબાશેલુકર નામથી વિશેષ જાણીતો હતો. 'ગુજરાત સર્વસંગ્રહ'ની નોંધ બોલે કે શેલુકર ૧૮૦૭ સુધી અમદાવાદનો સર સૂબો રહ્યો હોય એમ જણાય છે. આ અબા શેલુકર અમદાવાદનો સૂબો હતો એ દરમ્યાન એના કુટુંબને લઈને જેતલપુરના દેવસાગર તળાવ કિનારે આવેલા રળિયામણા સૈફ બાગમાં હવા ખાવા આવતો એનું કુટુંબ રાણી મહેલમા ઉતારો કરતું એવી કિંવદંતી કહેવાય છે. આ મહેલને અડીને એક મોટો બાગ હતો બાગ ફરતે કોટ હતો. આ કોટમાં નવ કૂવા હતા તેમાં પૂરતું પાણી ન મળતાં હાલમાં જે રાણીનો કૂવો કહેવાય છે તે બનાયો હતો. આ તળાવ, મહેલ, બાગ અને કૂવા અમદાવાદમાં મરાઠી, હકૂમત આવી તે પહેલાના હોવાનું મનાય છે.

જેતલપુરના તળાવ કાંઠાની ગઢીમા થાણદાર અને તેના ૫૦ થી ૭૦ જેટલા ઘોડેશ્વારો રહેતા હતા. તેઓ સુબાના માણસો હતા તેમને અહીં ખેડૂતો પાસેથી રાજભાગ ઉઘરાવવા માટે મૂક્યા હતા. ખેડૂતોનો પાક તૈયાર થયે તેઓ ખાતામાં જવા નીકળી પડતા. ખેડૂતો સાથે ભાગની બાબતમાં વાંધો પડતો ત્યારે તેઓ ઊભા પાકમાં ઘોડા ફેરવીને રંજાડ કરતા, ઉઘરાવેલું અનાજ ગઢીએ પહોંચતુ કરવા ખેડૂતોના ગાડા વેઠે લઈ જતા.

દેવસાગર તળાવના કાંઠે આવેલ ગઢીથી દક્ષિણ દિશાએ બે ફર્લાંગ જેટલે અંતરે સડકથી પૂર્વમાં બીબીનો ઢાળ આવેલ છે ત્યાં આગળ મુસ્લિમોની ઘણી જૂની કબરો છે. નજીકમાં તાડના બે-ત્રણ ઝાડ હતા. બીબીના ઢાળથી થોડેક આગળ એક મોટો દરવાજો હતો. ત્યાં આવેલા એક મકાનમાં નાકેદાર રહેતો હતો. તે માલ લઈને જતા આવતા ગાડાની જકાત ઉઘરાવતો. અહીં ૭૦ ગામની જકાત વસુલવામાં આવતી હતી. નાકેદાર સુબાનો માણસ હતો એને મદદ કરવા સિપાઈઓ હતા તેમને રહેવા માટે પાંચ ઓરડીઓ હતી. ૧૯ મા સૈકાના અંત સુધીમાં ત્રણ ઓરડીઓ મોજૂદ હતી.

જેતલપુરના દેવસરોવરનું પગેરું શ્રીકૃષ્ણના સમય સુધી પહોંચે છે. આ અંગેની પૌરાણિક કથા એવી છે કે પાંચ હજાર વર્ષ પૂર્વે દ્વારિકાથી વૃંદાવન જતાં યાદવ કૂળના અગ્રણીઓ સાથે સંકર્ષણ અવતાર મનાતા શ્રી બળદેવજી જેતલપુરના દેવ-સરોવરના કિનારે લાંબો વિશ્રામ કરીને અનંતવાર સ્નાન કરીને નિવાસ કર્યો હોવાથી સરોવરનું દેવ સરોવર નામ પ્રસિદ્ધ થયુ. બીજી પણ એક કિંવદંતી

એવી છે કે બ્રહ્માજીના આદેશથી રૈવત રાજાએ પુત્રીના લગ્ન રેવતીના લગ્ન બળરામજી સાથે આ દેવ સરોવર કિનારાના પરિસરમાં તેત્રીસ કોટી દેવો, બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિની પાવન ઉપસ્થિતિમાં કર્યા હતા. આથી આ ભૂમિ પાવન બની હતી. આ પાવન દેવ સરોવરના કિનારે અનેક ઋષિ-મુનિઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. કહેવાય છે કે બળદેવજીએ આ સરોવરમાં અનેકવાર સેવકો સાથે જળક્રીડા કરી હતી. એ સમયે આ જળક્રીડાના દર્શન કરવા દેવો, ગાંધર્વો, નારદાદિ મુનિઓ ક્રીડાયોગ્ય આ સ્થાનમાં રોજ આવતા.

દેવ સરોવરનો સંબંધ સ્વામિનારાયણ સંપ્રદાયની સાથે પણ જોડાયેલો જોવા મળે છે. એમ કહેવાય છે કે ભગવાન સ્વામિનારાયણ વનવિચરણ કરતી વેળાએ વિ. સંવત ૧૮૫૫ માં નિલકંઠવર્ણી રૂપે દેવ સરોવરને કાંઠે આવીને બિરાજમાન થયા હતા. એ પછી સહજાનંદ સ્વામીએ જેતલપુરની ભૂમિને અનેકવાર પદયાત્રીઓથી પવિત્ર બનાવી હતી. જેતલપુરમાં શ્રીજી, સંતો અને પાર્ષદો સાથે અનેકવાર પધારતા ત્યારે દેવ સરોવર કાંઠે આવેલ અક્ષર મહેલમાં ઉતારો કરતા. મહેલ પાસેના આસોપાલવના ઝાડ નીચે તથા ફૂલવાડીમાં સભાઓ કરીને ભક્તોને ધર્મોપદેશ આપતા. શ્રીહરિ દેવ સરવોરમાં નિત્ય જળક્રીડા કરતા એ સમયે ભક્તજનો ચંદન ચર્ચીને ફૂલના હાર ધરાવતા. આથી આ સરોવર આજે પણ પ્રસાદીનું સરોવર કહેવાય છે. 'શ્રીહરિ જેતલપુરમાં' પુસ્તકમાં સહજાનંદ સ્વામી જે સરોવરમાં સ્નાન કરતા તે દેવ સરોવરનું વર્ણન આ મુજબ આપ્યું છે : 'ગ્રિષ્મ ઋતુ હતી. શ્રીહરિ એક દિવસ સ્નાન કરવા માટે સમુદ્ર જેવા અગાધ જળવાળા માન સરોવર સમા દેવ સરોવરે ગયા. કાદવ રહિત નિર્મળ જળથી ભરેલા, ખીલેલા લાલ કમળો વાળા, જેના કિનારે આવેલા અનેકવિધ વૃક્ષો ઉપર પક્ષીઓ કલરવ કરી રહ્યા હતા. શ્રીહરિ સરોવરમાં પ્રવેશ્યા. રાતા કમળ સરીખા ચરણોવાળા શ્રીહરિ પડખાભેર તરતા હતા અને પ્રેમપૂર્વક ભક્તજનો સાથે જળક્રીડા કરતા હતા. ખૂબ હર્ષોલ્લાસિત થયેલા ગૃહસ્થો અને મુનિઓ વારંવાર ખોબા ભરી શ્રીહરિની ઉપર જળ ઉડાડતા હતા.' - બસો વર્ષ પૂર્વેની આ વાત છે ભાઈ.

આમ જેતલપુરની ભૂમિને સહજાનંદ સ્વામીએ ગોકૂલ જેવી બનાવી હતી. જેતલપુરનું દેવસાગર તળાવ, તળાવના કિનારે અક્ષર મહોલ, પવિત્ર વાડી, યજ્ઞશાળા અને પવિત્ર છત્રી જ્યાં અનેક યજ્ઞો થયા હતા. આ વાડીમાં બોરસલીનું વૃક્ષ, અક્ષર મહોલમાં આવેલો ઓટો જ્યાં સ્વામિનારાયણ ભગવાને બેસીને સ્વમુખે વચનામૃત ઉચ્ચારેલા અને પરમ પવિત્ર બોધ આપેલો. આ સરોવર નજીકના બે આંબલીના વૃક્ષ જ્યાં શ્રીહરિએ ઝૂલાનો આનંદ માણલો એ વૃક્ષ પણ આજે હયાત છે. આ બધા સ્મરણોને લીધે હજારો યાત્રાળુઓ અહીં દર્શને આવી દેવસાગર સરોવરમાં સ્નાન કરી કૃતાર્થ બને છે.

દેવ સરોવરના દક્ષિણ કાંઠે મહેલની પૂર્વ દિશામાં પથ્થરની છત્રી બનાવેલ છે ત્યાં બેસીને શ્રીહરિ નિત્ય દાતણ કરતા અને સરોવર કાંઠે સ્નાન કરતા. દર વર્ષે ભાદરવા સુદી એકાદશીના રોજ સ્વામિનારાયણ મંદિરેથી હરિકૃષ્ણ મહારાજ ઠાકોરજીનો વરઘોડો દેવસાગરમાં સ્નાન અર્થે જાય છે.. સરોવર કાંઠે નાંગરેલા હોડકામાં હરિકૃષ્ણ મહારાજને સરોવરની મધ્યમાં લઈ જઈ સ્નાન કરાવીને પરત આવે છે એ પછી પાલખીમાં બેસાડીને જેતલપુર ગામમાં વાજતે ગાજતે ઘરોઘર વરઘોડો જાય છે. ગામ લોકો ઘેરબેઠા દર્શનનો લ્હાવો લે છે. આ દિવસે દેવસરોવરને કાંઠે મોટો મેળો ભરાય છે. મેળામાં હજારો લોકો ભગવાનના દર્શન કરવા માટે ઉમટી પડે છે. ભગવાનને સરોવરમાં સ્નાન કરાવતી વેળાએ પ્રસાદરૂપે પાંચ-પંદર મણ કાકડીનો પ્રસાદ વહેંચવામાં આવે છે. આમ સરોવરનો સંબંધ વર્ષાના ઉત્સવ સાથે પણ જોડાયેલો જોવા મળે છે. આપણા સરોવરો સાથે પણ આવી કેટકેટલી સાંસ્કૃતિક વિરાસતો જોડાયેલી છે!

આજે દેવસરોવર ઈરિગેશન હસ્તક છે આજે નર્મદાના પાણીથી ભરાયેલું રહે છે. ઔડાએ એને વિકસાવવાનું વિચારેલુ છે. સુરત અને ભરૂચના તળાવોની જેમ પવિત્ર દેવસાગર સરોવરનું પુનઃ નિર્માણ સવેળા થાશે અને સરોવર સત્સંગીઓ માટે નારાયણ સરોવરની જેમ પુનઃ તીર્થ સરોવર બની રહેશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી

હાલમાં તારીખ ૧૮મી મે ના રોજ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિન ઉજવાઈ ગયો. દુનિયા ભરમાં તે દિવસે મ્યુઝિયમને લગતા વિવિધ કાર્યક્મો યોજાઈ ગયા. અમદાવાદમાં પણ ''મ્યુઝિયમ ઓફ અમદાવાદ'' કાર્યક્રમ હેઠળ ગુજરાત વિદ્યાપીઠમાં એક કાર્યક્રમ યોજાઈ ગયો. અમદાવાદમાં કુલ ૨૪ મ્યુઝિયમ છે. એ વાતની જાણ ત્યાં જવાથી થઈ. દરેક મ્યુઝિયમના પ્રતિનિધિએ પોતાના મ્યુઝિયમની વિશિષ્ઠતા વર્ણવી અને દરેકનો એક સૂર હતો કે બીજા પર્યટક સ્થળોની જેમ પર્યટકોમાં મ્યુઝિયમ જોવા માટેની અવરનેશ નથી. તે કેળવવી પડે. તેના માટે શું કરવું ?તો મ્યુઝિયમના બ્રોસર બનાવી ટુરિઝમ વિભાગમાં આપી પર્યટકોને આકર્ષી શકાય. અમદાવાદના દરેક મ્યુઝિયમના વર્ષ દરમ્યાન આવતા પર્યટકોના આંકડા જોતા લાગ્યું કે આ બધામાં આપણા મ્યુઝિયમની વર્ષ દરમ્યાન પર્યટકોની સંખ્યા સૌથી વધુ હતી.અને પાંચ વર્ષમાં આપણા મ્યુઝિયમમાં છ લાખ જેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. એરપોર્ટ જતા સરદાર વલ્લભભાઈ પટેલનું મ્યુઝિયમ આવે છે તેના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર તે સરકાર દ્વારા ચલાવવામાં આવે છે અને પૈસાની કોઈ તકલીફ નથી, તેમના મ્યુઝિયમ માટે તે લોકોએ હોર્ડિંગ લગાવી, ચોપાનીયા વહેંચી ઘણી જાહેરાત કરી પણ મુલાકાતીઓની સંખ્યા વધતીજ નથી. જયારે આપણા મ્યુઝિયમમાં કોઈપણ જાહેરાત વગર નિયમિત રીતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે.પૂ.મોટા બાપજીનો આગ્રહ હતો કે જાહેરાત ન કરવી લોકાલોકના સંપર્કથી જ મુલાકાતીઓ આવશે.અને બન્યુ પણ એવું આપણા મ્યુઝિયમમાં કામ કરતા કર્મચારીઓને સંખ્યાના અભાવે કંટાળો આવે એવું ક્યારેય બન્યું નથી.

હાલમાં વેકેશનના ગાળામાં ખાસ બાળકો માટે ૯ નંબરના હોલમાં કીયોસ્ક પર આપણા સંપ્રદાયનું વિશેષ જ્ઞાન મળે તેવી ગેઈમ રખાઈ છે તેનો પણ બાળકો ખૂબ લાભ લે છે અને વળી - વળી વડિલોને મ્યુઝિયમ લઈ આવવા આગ્રહ કરે છે.

આપણા મ્યુઝિયમમાં શુધ્ધ અને સ્વાદિષ્ટ ભોજન તો પ્રાપ્ત હતું પરંતુ ફરસાણ, બ્રેડ, વડા પાઉં, દાબેલી, પીત્ઝા જેવો હાઈજેનિક નાસ્તો પણ મળી રહે તેવી વ્યવસ્થા મ્યુઝિયમના દરવાજા પાસે જ કરવામાં આવી છે. જે સત્સંગીઓ બજારનો નાસ્તો ખાવાનું ટાળતા હોય તેમના માટે આ વ્યવસ્થા આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - મે - ૨૦૧૬

| | |
|---|---|
| રૂા. ૧,૧૧,૧૧૧/- | મહેન્દ્રભાઈ આર. પટેલ - અમદાવાદ હ.બકુલા એમ. પટેલ - મોટા મહારાજશ્રીના ૭૩ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે |
| રૂા. ૫૧૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર, ગોધરા (કચ્છ-માંડવી) યજ્ઞ નિમિત્તે ભેટ હા.માંડવી મંદિરના ઉ.મહંત, સાં.યો.કાનબાઈ ફઈ શિષ્ય સા.યો. અમરબાઈ આદિ શિષ્ય મંડળ |
| રૂા. ૩૧૦૦૦/- | જગદીશભાઈ કે. દરજી (સાદરાવાળા)બોપલ |
| રૂા. ૨૫,૦૦૦/- | ગોસલીયા પરિવાર - ન્યુયોર્ક |
| રૂા. ૨૧,૧૧૧/- | અ.નિ. ગોવિંદભાઈ ધરમદાસ ડાંગરવા હ. મગનભાઈ, મંગળભાઈ તથા ધનશ્યામ, આશિષ, દર્શન |
| રૂા. ૧૨૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર, ભારાસર - કચ્છ - ભુજ |
| રૂા. ૧૧૦૦૦/- | રામદેવજી વેકરીયા તથા કુરજી દેવરાજ વેકરીયા - કચ્છ - ભુજ |
| રૂા. ૧૧૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - સાયન્સ સીટી |
| રૂા. ૧૧૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરૂકુળ - કલોલ મોટા મહારાજશ્રીના ૭૩ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે |
| રૂા. ૧૧૦૦૦/- | ઈન્દીરાબેન વિનોદભાઈ પટેલ - શાંતીપુરાકંપા |
| રૂા. ૫૨૧૧/- | ભરતસિંહ બાલુભા ઝાલા સમલા- સુરેન્દ્રનગર હા.ચાંદખેડા |
| રૂા. ૫૦૦૧/- | મંજુલાબેન દેવચંદભાઈ ડોબરીયા - હિરાવાડી |
| રૂા. ૫૦૦૦/- | કંચનબેન કાંતિલાલ ઠક્કર - સેટેલાઈટ |
| રૂા. ૫૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫૫૦૦/- | ડો.ધર્મેન્દ્રભાઈ ધીરૂભાઈ ભાવસાર - મહેસાણા |
| રૂા. ૫૦૦૦/- | વિષ્ણુપ્રસાદ મગનલાલ ઠાકર - ગોતા |
| રૂા. ૫૦૦૦/- | પટેલ દિપેશ રસિકભાઈ (શ્રીજી પ્રસન્નાર્થે) નારણપુરા |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - મે- ૨૦૧૬

| | |
|---|---|
| તા.૦૭/૦૫/૨૦૧૬ | પ્રવિણભાઈ ભૂલાભાઈ પટેલ - ઘાટલોડિયા |
| તા.૧૦/૦૫/૨૦૧૬ | અમરબા અગરસંગભા ઝાલા - બળોલ (ભાલ) |
| તા.૧૫/૦૫/૨૦૧૬ | વિજયભાઈ તથા શનીભાઈ - (મોખાસણવાળા) બોસ્ટન |
| તા.૧૯/૦૫/૨૦૧૬ | અ.નિ.ઈશ્વરભાઈ ગિરધરભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે હ.હરિપ્રસાદભાઈ ઈશ્વરભાઈ પટેલ - ખેરોલ (યુ.એસ.એ.) |
| તા.૨૧/૦૫/૨૦૧૬ | જયેશ ધનજી હિરાણી - લંડન હ.ધનજીભાઈ રવજીભાઈ હિરાણી તથા પાયલ તથા વનિતાબેન |
| તા.૨૨/૦૫/૨૦૧૬ | અશ્વિનભાઈ તથા ભરતભાઈ મગનભાઈ જાગાણી-સેટેલાઈટ હ. ચાર્વીબેન |
| તા.૨૪/૦૫/૨૦૧૬ | ગુણવંતભાઈ આર. સોલંકી - નરોડા ડો. પ્રિયાંકના જન્મ દિવસ નિમિત્તે |
| તા.૨૭/૦૫/૨૦૧૬ | રામભાઈ સોમદાસ પટેલ - મોખાસણ ચિ.રીમાના જન્મ દિવસ નિમિત્તે હ.દેવેન્દ્ર |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શરણાગત માટે સોનાનો રથ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એકવાર જીવ ઈશ્વરને શરણે જાય તો ભગવાન તેની સંભાળ રાખે. પણ. પુરા મનથી, પુરા ભાવથી ભગવાનને શરણે જવું. પણ પહેલી શરત એ છે કે મન સમર્પિત કરીને જવાનું. ભગવાન તો બહુ દયાળુ છે. પોતાના ભક્તોની બધીજ ચિંતા પ્રભુ દૂર કરે છે. દુઃખ દૂર કરી દે છે. ભગવાને તો કેવી કૃપા વરસાવી છે, પોતાના ભક્તો ઉપર !! આ દ્રષ્ટાંત વાંચો તો ખ્યાલ આવશે.

ઉનાળાનો સમય હતો. ધોમ ધખતો હતો, આખી ધરતી ધગી ગયેલી. એવો તો તાપ પડતો હતો. એ વખતે કોઈ ગરીબ માણસ જેનાં શરીર પર પૂરા કપડાં પણ નહોતાં, પગમાં જોડાં પણ નહી અને માથે અધમણનું પોટલું ઉચકેલું ને આવા તાપમાં ચાલ્યો જતો હતો. ધીમે ધીમે રસ્તો કાપતો જતો હતો.

માથે અધમણનું વજન એટલે લથડીયા ખાતો માંડ માંડ ગતિ કરતો હતો. પાછળથી એ જ રસ્તા ઉપર સોનાનો રથ આવ્યો. એ સોનાના રથમાં એક દયાળુ રાજવી બેઠેલા હતા. આવી દૂર્બળ વિકટ દશાવાળા માણસને જોઈને રાજાને દયા આવી. અરરરરર. બિચારો બહુ દુઃખી છે. સોનાનો અને મખમલની ગાદીઓ ગોઠવેલી એવો રથ ઉભો રાખ્યો અને એ માણસને પૂછ્યું તારે ક્યાં જવું છે ? આગળ જવાનું નામ આપ્યું. સારૂ બેસીજા. આ રથ ત્યાં જ જાય છે. માણસ રથમાં બેઠો તો ખરો. રથ જોઈને મોઢું ઉઘડી ગયું. બંધ ન થાય. આવો સોનાનો રથ એમાં બેસવા મળ્યું પણ ચમત્કાર ક્યાં થયો એ ખબર છે ?

સોનાના રથમાં બેઠો તો ખરો પણ પેલાં અધમણનો લબાચો હતો તે પોતાના માથા ઉપર જ રાખ્યો. રાજા કહે છે, આ પોટકી હવે મુકી દેને નીચે. અમારાં રથમાં બેસે તેને માથે પોટકી ઉપાડવાની જરૂર રહેતી નથી. પોટલી નીચે મુકી દે. પેલો કહે, ના તમે મને રથમાં બેસાર્યો એટલું ઘણું આ પોટલી ભલે મારા માથે રહી. શા માટે આ રથને વજન આપવું ! રાજા કહે, ભલે પોટલી તારા માથે રહી પણ તું તો રથમાં બેઠો છે માટે તારૂં વજન અને પોટલીનું વજન રથ જ ખેંચે છે ને !! તું શું કરવા આટલો ખોટો ભાર સહન કરે છે, મુકી દે. અહીં કોઈ તારી પોટલી ખોલશે નહી. કોઈ ઉઠાવી પણ નહી લે. પણ પેલાએ અધમણની પોટલી ધરાહાર માથેથી ઉતારી નહીં.

આ કથા કોની છે ? આ સંસારમાં ભટકતા અજ્ઞાની જીવાત્માની છે. દુઃખ અને ત્રાસના ત્રિવિધ ધગધગતા તાપમાં આ જીવ ચાલ્યો જાય છે. એની પાસે કોઈ સાધન નથી. યોગ, યજ્ઞ, તપ, સત્સંગ નથી એટલે એ દુઃખી છે, દુર્બળ છે. અને કર્મના પોટલાં પ્રારબ્ધના પોટલાં માથે ઉપાડીને જાય છે. એ વખતે અનંત કોટી બ્રહ્માંડના પતિ પરમાત્મા આવા અજ્ઞાની જીવને પોતાના શરણમાં લેવા સોનાનો રથ (કૃપા રથ) લઈને આવે છે. આવા જીવાત્માઓને અક્ષરધામ સુધીની લીફટ આપવા. આવ, તને ઉતારી દઉં. તું તારે બેસીજા આ રથમાં, તારે ચાલવાની જરૂર નથી. સહેજે સહેજે તારૂં કલ્યાણ કરી દઈએ. તારે કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી. તું રથમાં બેસીજા. ભગવાને દયા કરીને રથમાં બેસાર્યો તો ખરો પણ જીવાત્મા અજ્ઞાનતાને કારણે પોતાના કર્મના પોટલા એ પોતાના માથે જ રાખે છે. ભગવાન કહે છે. આ પોટલાં હવે નીચે મુકી દે. તારા કર્મની જવાબદારી હવે અમે જ નિભાવીશું. તું શા માટે ચિંતા કરે છે ? પણ જીવનો સ્વભાવ છે કે એ ચિંતા છોડી શકતો નથી.

સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવે જ્યારે આ સંપ્રદાયની ધુરા ધારણ કરી ત્યારે ગુરુ રામાનંદ સ્વામી પાસે વરદાન માંગી લીધું છે જે અજોડ છે. - ''જે જીવ મારા ભક્ત થાય તેનાં પ્રારબ્ધનાં બધાં જ દુઃખ અમે

ભોગવીશું પણ એ ભક્ત ભલે સુખી થાય.'' આટલે સુધી ભગવાન કહે છે કે તમારા કર્મની, પ્રારબ્ધની ચિંતા અમારા પર છોડો પણ અજ્ઞાની જીવ પોતાના કર્મ અને પ્રારબ્ધની પોટલી છોડતો જ નથી. તેથી ઈશ્વરને શરણે આવે છે છતાં દુઃખ સહન કરવું પડે છે.

જો એકવાર આ બધી પોટલીઓ પરમાત્માના શરણે સોંપી દઈ સાચા શરણાગત બનીશું, અનન્ય આશ્રિત બનીશું તો ભગવાન આપણી બધી જ જવાબદારી નિભાવશે.

●

## નિઃસ્વાર્થ ભક્તિ જોઈએ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માણસની એવી પ્રકૃતિ થઈ ગઈ છે કે જ્યાં સ્વાર્થ સિધ્ધ થતો હોય તે જ કરવું ગમે. કોઈ પણ કાર્ય કરે તેમાં સ્વાર્થ, અપેક્ષા હોય જ. બીજા કાર્ય તો ઠીક પણ ભગવાનની ભક્તિએ કેટકેટલીય અપેક્ષાઓ સાથે કરવામાં આવે છે. તેથી ભક્તિના ઉત્તમ ફળોને માણસ પ્રાપ્ત કરી શકતો નથી.

ટૂંકમાં કહીએ તો માણસનો સ્વભાવ છે એ જ્યાં જાય ત્યાં અપેક્ષાઓ લઈને જાય છે. જેમ કે મંદિરમાં આવે તો ભગવાન આગળ ઉભા ઉભા પણ કેટકેટલીયે માંગણીઓ રજૂ કરવામાં આવે. મંદિરની બહાર ફાટેલ તુટેલ કપડાં વાળા ભિખારીઓની લાઈન હોય જ્યારે ભગવાનની સામે સારા કપડાંમાં સજજ થયેલા ભિખારીઓની લાઈન લાગી હોય છે.

મહારાજા પરિક્ષિત માન-સન્માનની અપેક્ષાથી સમિકઋષિના આશ્રમમાં ગયા. પણ સમિકઋષિ સમાધિમાં લીન હોવાથી રાજાનું સન્માન થઈ શક્યું નહી. તો આવા મહાન રાજવીને પણ ક્રોધ ચડ્યો અને મરેલો સર્પ ઋષિના ગળામાં નાંખી ચાલતા થઈ ગયા. પિતાનું અપમાન સહન કરે તે પુત્ર ન ગણાય, ગુરુનું અપમાન સહન કરી લે તે શિષ્ય ન ગણાય. પોતાના પિતા અને ગુરૂ એવા સમિકઋષિનું અપમાન પુત્ર શૃંગીથી સહન ન થતાં તેણે શાપ આપ્યો અને તેમાં મહારાજા પરિક્ષિતનું ભૂંડું થયું. અપેક્ષાઓ શું નથી કરાવતી ?

એક કહેવાતા સ્વાર્થી ભગત રોજ એક કલાક માળા-પૂજા કરે. શરીર સેવા-પૂજા કરે પણ વૃત્તિ ભગવાનમાં નહીં. એકબાજુ પૂજા પણ ચાલ્યા કરે અને સાથે વહેવારનાં કાર્યો પણ કરતા જાય. પાછા કહેવડાવે કે આ ભગત પૂજા કરતાં ઉભા પણ થતાં નથી. પણ બેઠા બેઠા કામ બધા ચાલું. આવી રીતે ભજન કરતાં કરતાં વીસ વરસ થયા.

એક દિવસની વાત છે. આ ભગત પૂજામાં બેઠા હતા. શ્રાધ્ધની સિઝન એટલે ઘરવાળાએ દૂધપાક બનાવેલો. જ્યાં આ પૂજા કરવા બેઠા હતા. તેમની બાજુમાં પંખા નીચે દૂધપાક ઠંડો થવા માટે મુક્યો.

આ ભાઈ પૂજા કરતા જાય ને દૂધપાકનું ધ્યાન રાખતા જાય. થોડીવાર થઈને દૂધપાકની સુગંધથી આકર્ષાઈને કુતરૂં ઘરમાં પેઠું. આ ભાઈએ ઘણું હડ હડ કર્યું પણ આજે તો જાણે કૂતરાએ નક્કી કરેલું કે જે થાય એ જોયું જશે પણ આપણે દૂધપાક ખાવો જ. બહુ પ્રયત્નો કરવા છતાં કૂતરૂં છેક દૂધપાક પાસે નજીક આવી ગયું ને જ્યાં મોઢું નાંખવા ગયું એટલે આ ભાઈએ ઉભા તો થવાનું હતું નહી તેથી પૂજાના શાલિગ્રામ ઉપાડ્યા ને ફેંક્યા કૂતરા તરફ. નિશાન પાકું, કૂતરાના મોઢા પર આવ્યું ને કૂતરું ભાગી ગયું. ત્યારે આ ભાઈને શાંતિ થઈ, હાશ !! આ વીસ વરસથી શાલિગ્રામની સેવા-પૂજા કરું છું તે આજે કામ લાગ્યા. ભગવાન શાલિગ્રામનો ઉપયોગ પથ્થર તરીકે કૂતરાને ભગાડવામાં કરી નાંખ્યો !!

કહેવાની વાત છે કે સ્વાર્થમાં માણસ ભાન ભૂલી જાય છે. આવી ભક્તિ કરે ને છતાં માંગણીઓ ઉપર માંગણીઓ ચાલું ને ચાલું. હું ભક્તિ કરું છું તો મારૂં આ કામ થઈ જવું જોઈએ. પણ ભગવાન આવી ભક્તિથી છેતરાતા નથી. જે ભક્ત નિઃસ્વાર્થભાવથી ભક્તિ કરે છે તેના પર ભગવાનનો વિશેષ રાજીપો થાય છે. માગે તેને મુટ્ટી મળે પણ જે ન માગે તેનું ધ્યાન ભગવાન વિશેષ રાખે છે. આપણે બસ એટલી વાતનું ધ્યાન રાખવાનું કે કૂતરૂં ભગાડવા જેવી ક્ષુલ્લક બાબતમાં ભક્તિ-ભજન રૂપી અમૂલ્ય નાણું ખર્ચી ન નાંખીએ. ભગવાનની ભક્તિ નિર્વિઘ્ને કરી શકાય એવું જો આપણે ઈચ્છતા હોઈએ તો મંદિરની બહાર જ્યાં આપણે પગરખાં કાઢીએ છીએ તેની સાથે માન-સન્માનના તથા સ્વાર્થના અભરખાં પણ ઉતારી દેવાં. જો આટલી બાબતનું ધ્યાન રાખીશું તો જરૂર ભગવાનની કૃપા તથા આશીર્વાદની પ્રાપ્તિ કરી શકીશું.

# ભક્તિસુધા

(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)
એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)

## "પરમાત્માની પ્રાપ્તિ માટે નિર્દોષ બાળક બની જવાનું છે"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આ જગતમા બધા જ સુખની ખોજમાં છે. તો કેવા સુખની ? તો ઈન્દ્રિયોના સુખ માટે બધા દોડે છે, અને ગમે તેટલું સારુ સુખ આ જગતનું મળી જાય તો પણ આપણે તૃપ્ત થતા નથી, તો તેનું કારણ શું છે ? તો આપણને જે જોઈએ છે તે મળ્યું જ નથી અને આપણે કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ તો તેનો અર્થ એ છે કે આપણને તે વસ્તુમાંથી પહેલા (અગાઉ) થોડોક પણ સુખનો અનુભવ થયેલો છે. જે વસ્તુના માધ્યમથી આપણને થોડો આનંદ કે તૃપ્ત થવાન અહેસાસ જો થયો હોય તો જ આપણે તેની શોધ કરીએ છીએ. આનંદની અનુભૂતિ પછી જ આપણે પ્રયત્નશીલ થઈએ છીએ. તો આપણે બધા પરમાત્માને પામવા પ્રયત્ન કરીએ છીએ ને ? આપણને ભલે ને અડધી સેંકડ માટે પણ પરમાત્માને શોધીએ છીએ નહિ તો આપણને ખબર જ ક્યાંથી હોય ? પરંતુ એ સુખ કેમ મળતું નથી ? તો એનું કારણ એ છે કે આપણે આ જગતમા આવ્યા પછી ભરમાઈ જઈએ છીએ.

ગમે તે વસ્તુ આપણને ખૂબ ગમી હોય ને એવી જ વસ્તુ જોઈતી હોય તો આપણે ખરીદી કરવા પહોંચી જઈએ છીએ. બજારમાં તો કેટલી બધી વસ્તુ હોય જે આપણને જોઈએ તેના કરતા સારી પણ હોય, બે-ચાર કલાક ખરીદીમાં પસાર થઈ ગયા હોય ઘેર પાછા જવાનો સમય થઈ ગયો હોય તો આપણને એમ થાય કે એ વસ્તુ નથી મળતી તો અત્યારે આ લઈ લઈએ પછી બીજી વખત ખરીદી કરવા માટે આવીશું ત્યારે લઈ લઈશું. બે-ચાર કલાક બરબાદ કર્યા હોય અને જે વસ્તુ જોઈતી હોય તેના કરતા વધારે મોંઘી વસ્તુ લીધી હોય તો પણ જેવી જોઈએ તેવી તૃપ્તિનો અનુભવ નહી થાય.

તો પરમાત્મા પ્રાપ્તિનું પણ એવું જ છે. આપણે આ મનુષ્ય દેહ ધરીને આ પૃથ્વી પર આવ્યા છીએ તો શા માટે? તો પરમાત્માને મેળવવા માટે જ આવ્યા છીએ, પરંતુ માયામાં એટલા બધા ફસાઈ ગયા છીએ કે ભગવાન ભૂલાઈ જાય છે. આ જગતમાં ભરમાઈ જવાય છે. અને જે કરવાનું છે તે રહી જાય છે. અને પાછા જવાનો સમય થઈ જાય છે. આપણે બજારમાં જઈએ છીએ તો મનગમતી વસ્તુ નહી મળે તો વિચારીએ છીએ કે બીજી વખત ત્રીજી વખત ફરી ક્યારેક જઈએ ત્યારે લઈ લઈશું. પરંતુ આપણે આ જગતમાં આવ્યા છીએ અને જવાનો સમય થઈ જશે તો પછી બીજી વખત આવવાનું મળશે કે નહિ તેની ખબર નથી કેમ કે ? મહારાજે કીધું છે ને કે વારંવાર ભરતખંડમાં મનુષ્ય જન્મ મળતો નથી. તો કહેવાનો અર્થ છે કે માયાના ક્ષેત્રમાં અન્ય વસ્તુના આકર્ષણથી ભગવાન ભૂલાઈ જાય છે.

આ જગતમાં બે જ ક્ષેત્ર છે. 'માયા' અને 'પરમાત્મા' તો માયાના ક્ષેત્રમાં તો આપણે ખૂબ ફરીએ જ છીએ. તો તેના પાસે તો 'શાશ્વત સુખ' નથી અને આપણને ખબર છે કે 'માયા' પરમાત્માની શક્તિ છે. અને માયાના માધ્યમથી જે સુખ પ્રાપ્ત થાય છે તે વિનાશી જ છે. તો સીધી વસ્તુ છે કે 'શાશ્વત સુખ' પરમાત્મા પાસે જ છે. તેમા વધારે બુધ્ધિ લગાડવાની જરૂર નથી. આમ વિચારીએ તો બહુ સહેલું થઈ જશે. આપણે સમાજમાં જોઈને એમ થાય કે આમની પાસે બધું જ છે દીકરા-દીકરી સંપત્તિ બધું જ છે. સાસુ-વહુને પણ સારૂ બને છે. પરંતુ હકીકતમાં બધાની દશા એક જેવી જ છે. પૃથ્વીથી લઈને સ્વર્ગાદિક દેવો સુધી. આપણે સાંભળ્યું છે ને કે ઋષિમુનિઓ તપ કરે છે તો ઈન્દ્રને એમ થાય કે મારૂં સિંહાસન લઈ લેશે. તો બધે જ રાગ-દ્વેષ ઈર્ષા, સ્વાર્થ એના સિવાય બીજુ કશું છેજ નહિ બધે એજ ચાલે છે. તો સાચી શાંતિ જોઈતી હોય તો પરમાત્મા પાસે જ છે. બીજે ક્યાંય છે જ નહિ. તો પરમાત્માને મેળવવાનો પ્રયત્ન કરવાનો. તો પ્રયત્ન કરીએ અને પ્રસન્નતા ન મળે તો શું કરવાનું ? તો બીજો ઉપાય શું છે ? પરાણે લઈ લેવાનું, તો પરમાત્મા પાસે એવું તો કરાય નહિ ? પરાણે તો લેવાય નહિ. તો શું કરવાનું ? તો માગીને લેવાનું, તો માગવું પણ કઈ રીતે ?

જેમ કે, એક બાળક હોય છે તો તેને બોલતા ચાલતા અને સંકેત કરીને પણ કહેતા નથી આવડતું તો બાળક શું કરે છે તો બાળક પાસે માત્ર આંસુ જ હોય છે. નાનું બાળક જ્યારે રડે ત્યારે માતાને ખબર પડી જાય છે કે બાળકને શું જોઈએ છે ? આપણા પાસે પણ એક જ ઉપાય છે કે ભગવાન પાસે એવી રીતે માગવાનું કે ભગવાન માટે રડવાનું. પરમાત્મા અંતર્યામી છે. આખા જગતના મા-બાપ છે તો તેને બધી ખબર હોય છે. પરંતુ નિર્દોષ બાળક બનીને રડવાનું છે એના માટે બનાવટ નહિ ચાલે. તો એ વિચારવાનું કે આપણે ભગવાન માટે ક્યારેય રડ્યા છીએ તો કેવું રડ્યા છીએ તે પણ તપાસવું. કેમ કે, રડ્યા હોઈશું તો પણ આપણા સ્વાર્થ માટે રડ્યા હોઈશું. બીજા અનેક કારણોસર આપણે આપણા જીવનમાં આપણા દીકરા દીકરી બહારગામ ગયા હોય તો તેના વિયોગમાં પણ આપણે રડ્યા હઈશું. તો ક્યારેય એવો વિચાર કર્યો છે કે પરમાત્મા વગર આટલા જન્મ આપણે કઈ રીતે કાઢી નાખ્યા ? જો પરમાત્મા માટે રડ્યા હોય તો અંતરથી તો કામ થઈ ગયું હોય.

આપણે રોડ ઓળંગવા માટે એક આંધળા વ્યક્તિનો હાથ પકડી લઈએ તો શું થાય ? એ કાંઈ કામનું નથી. તો આ જીવનું પણ એવું જ છે કે માયાનો હાથ પકડીને આપણે ભવસાગર પાર કરી રહ્યા છીએ તો તેનાથી કાંઈ થશે નહિ. પરમાત્માએ આ 'મનુષ્ય દેહ' અને આ 'સત્સંગ' આપીને આપણા ઉપર અતિશય 'કરુણા' કરી છે. પરંતુ આપણે શું કરીએ છીએ જે મળ્યુ છે તેને આપણો અધિકાર માની લઈએ છીએ અને પરમાત્માએ કરેલી કરુણાનો દૂરપયોગ કરીએ છીએ.

એક ધનિક શેઠ હતા. દર મહિને ગરીબોને પચાસ રૂપિયા આપતા હતા. એકવાર એમની દીકરીનો લગ્ન-પ્રસંગ હતો તો વીસ રૂપિયા મોકલ્યા તો ચાર-પાંચ ગરીબો મળીને ઝઘડો કરવા પહોંચી ગયા. કેમ ઓછું આપ્યું ? તેમ આપણે પણ વિપરીત પરિસ્થિતિમાં પરમાત્માને કહીએ છીએ કે કેમ આવું કર્યું ? તો જે મળ્યું છે તેમાં શ્રધ્ધા રાખવાની કે પરમાત્માએ મને મારી લાયકાત કરતા વધારે આપ્યું છે. તેમ ધન્યવાદ માનવાનો અને વિશ્વાસ સાથે આગળ વધવાનું. એવું નહિ માનવાનું કે મારાથી કેટલા ખોટા કાર્યો થયા છે તો પરમાત્મા સુધી પહોંચાશે કે નહિ ? આપણે માણસ છીએ તો ક્યારેક ખોટું કામ થઈ પણ ગયું હોય તો પરમાત્માનું તો નામ જ છે 'પતિતપાવન' 'કરુણાનિધિ', 'અધમઉધ્ધારણ' તો અંતઃકરણ ચોખ્ખું રાખીને ભગવાન માટે રડતા શીખીશું તો એક દિવસ ભગવાન આપણને ચોક્કસ એમના સાનિધ્યનું સુખ આપવાના જ છે. 'મારા ભગવાન', 'મારા ભગવાન' એમ ભગવાન માટે ખૂબ મમતા રાખીશું તો ભગવાનની ઈચ્છા ન હોય તો પણ ભગવાનને આવવું પડે છે. આપણો નાના બાળક જેવું 'નિર્મળ' બની જવાનું છે. તો પરમાત્મા ચોક્કસ આવશે.

●

## એક લક્ષ્ય રાજીપો

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીહરિ જો રાજી થાય તો જ એમનું દર્શન દેશે. ને સુખ દેશે. ને રાજી થાશે તો જ તેમનું અક્ષરધામ અને મોક્ષ દેશે. માટે ભગવાનને રાજી કરવા અનિવાર્ય છે. તેથી જ શ્રીજી મહારાજે ગઢડા-મધ્યના-૨૮ માં વચનામૃત માં કહ્યું છે કે, "જેને ભગવાનને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મૃત્યુ લોકમાં છે તો પણ ભગવાનના અક્ષરધામમાં જ છે. ને તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે. અને જેનું રૂડું થાય છે તે પણ ભગવાન અને તેમના જ અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યશ્રીને ધર્મકુળ આશ્રિત સંતના રાજીપાથી જ થાય છે. ગઢડા મધ્યના ૪૫ માં વચનામૃતમાં પણ કહ્યું છે કે ભગવાનને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આને આ દેહે પરમ પદ જેવું સુખ ભોગવે છે. અને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય છે. માટે જે સમજુ હોય તેણે તો ભગવાનને ભગવાનના ભક્ત રાજી થાય એમ જ વર્તવું. આટલી રાજીપાની મહત્તા બતાવી છે. ભગવાનને ધર્મવંશીનો રાજીપો છે એજ આપણા માટે સાચું ધન છે.

આપણી ભાવના જો શુધ્ધ હોય તો ભગવાન જરૂર રાજી થાય છે. ને ભગવાન કે આચાર્ય મહારાજશ્રી કે મોટા સંત તે આપણને કાંઈક આજ્ઞા કરે અને એમાં આપણે આપણું અહમ્-મમત્વ છોડીને પોતાના સુખ-દુઃખને વિચાર્યા વિના કેવળ રાજીપાની ભાવનાથી સેવા કરે તો જ

ભગવાનનો રાજીપો પ્રાપ્ત થાય છે. જીવ સેવા તો ઘણી કરે છે પણ રાજીપો નથી મળતો. તેનું કારણ એ છે કે રાજીપાને લક્ષમાં રાખીને સેવા કરતો નથી. પણ મન ધારી સેવા કરે છે. મનધારી સેવાથી ઉલટું ઘણીવાર કુરાજીપો પણ મળતો હોય છે. મનને વશ થઈ ને કરે તે સેવા નથી. તેને તો ફક્ત કર્મ જ કહેવાય.

**રાજીપો આપણા ઉપર કેમ થાય ?** રાજીપાની ભાવનાથી સેવા-મહાપૂજા, દંડવત્, પ્રદક્ષિણા, કીર્તન ગાઈએ, કથા સાંભળીએ, માળા ફેરવીએ વગેરે કરવું જોઈએ. મંદિર વાળીએ, પોતું મારીએ, ઉત્સવ-સમૈયામાં રાંધવાની સેવા કરીએ, પીરસવાની સેવા કરીએ, વાસણ, માંજીએ, ઈત્યાદિક સેવા છે. તે જો આપણે રાજીપાની ભાવનાથી કરીએ તો તેનું ફળ જરૂર આપણને રાજીપો જ મળે છે. અક્ષરધામના મુક્તો જે નંદ સંતો તે પણ મહારાજની આજ્ઞામાં ને રાજી કરવાની ભાવનાથી જ સેવા કરે છે. તો આપણે પણ રાજીપાના લક્ષથી જ સેવા-ભક્તિ કરવી અનિવાર્ય છે. સ્વભાવ મૂકીને સેવા-ભક્તિ કરીએ તો ભગવાનને સંતો જરૂર રાજી થાય છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એક વખત શ્રીજી મહારાજ સાથે કારીયાણીમાં હતા. ત્યારે એક સાથે ૧૮ સંતો બિમાર પડ્યા. ને બરાબર એજ વખતે શ્રીજી મહારાજ ને વડતાલ ઉત્સવમાં જવાનું થયું. ત્યારે શ્રીહરિએ સભામાં પૂછ્યું કે ''હે સંતો ! અમારે તો વડતાલ સમૈયામાં જાવું પડશે. પણ અહીં સંતોની સેવામાં કોણ રહેશે ? જો આ માંદા સાધુની સેવામાં જે કોઈ રહે તો તેને ૧૦૦ સમૈયાનું ફળ આપું.'' ત્યારે શ્રીહરિના રાજીપાના પ્યાસી શ્રી ગુણાતીતાનંદ સ્વામી સભામાં ઉભા થયા અને બોલ્યા કે, ''હે મહારાજ હું સેવામાં રહીશ. આપ આ બધા સંતો સાથે સુખીથી સમૈયામાં પધારો.'' પછી સ્વામી સંતોની સેવામાં રહ્યા. બધા સંતોને મરડો થયો હતો. તેથી વારે-વારે નાવા જવું પડે અને સેવામાં અખંડ હાજર રહેવું પડે. પણ શ્રધ્ધાળુ અને શ્રીહરિને રાજી કરવામાં તત્પર એવા ગુણાતીતાનંદ સ્વામીએ એવી સેવા કરી કે સંતો થોડાજ દિવસમાં સાજા થઈ ગયા. હજુ વડતાલમાં સમૈયો પુરો થયો ન હતો. તેથી સાજા થયેલા સંતોએ કહ્યું કે, સ્વામી હવે અમે સાજા થઈ ગયા છીએ. માટે આપ સુખેથી વડતાલ સમૈયામાં પધારોને મહારાજને અમ સૌ સંતો વતી ભાવથી ભેટજો.'' પછી સ્વામી વડતાલ પધાર્યા ને મહારાજને ખબર પડી ત્યારે એકદમ સભામાંથી ઉઠીને સ્વામીને ભેટી જ પડ્યા. પછી શ્રીહરિ કહે ''તમે ૧૮ સંતોની સેવા કરી, સાજા કર્યા માટે અમારે તમને ૧૮ વાર ભેટવું છે.'' પછી ૧૮ - ૧૮ વાર ખૂબ વહાલથી ભેટ્યા અને રાજીપો દર્શાવ્યો. જોયું ને ! માણસો કર્મને આધિન કે ફરજને આધિન કે મનને આધિન થઈને કર્મ કે સેવા તો બહુજ કરતા હોય છે પણ તેનાથી ભગવાન કે સંતનો રાજીપો મળતો નથી. પણ ભગવાનની આજ્ઞાથી અને તેમને રાજી કરવાની ભાવનાથી કોઈ સેવા કરે તો જરૂર રાજીપો થાય છે.

**રાજીપો આપણા ઉપર કેમ ન થાય ?** આ પાંચ વાનામાંથી એકવાનું પણ આડું આવે તો રાજીપો થતો નથી. તે શું ? તો (૧) અહમ્ (૨) મમત્વ (૩) સ્વભાવ (૪) આસક્તિ (૫) દ્વેષ. આ પાંચને કારણે તમે ક્રિયા કરો તો તેનો હેતુ એ થયો કે તમને ભગવાનને રાજી કરવાનો હેતુ જ નથી. જેવી ભાવના તેવું ફળ. જો રાજીપો નજરમાં હોય તેના કરવાના બધા સાધન તત્કાળ પૂરા થઈ જાય છે. ભગવાન, સંતો કે હરિભક્તો આપણને જે સેવા-કાર્ય સોપે તે શ્રધ્ધા અને વિશ્વાસથી કરીએ તો જલદી રાજીપો પ્રાપ્ત થાય છે. આપણને જે સેવા સોંપી હોય તે સેવા મન દઈને કરવી જોઈએ. જો મન દઈને સેવા ન કરીએ તો સુખ પણ થાય નહિ ને રાજીપો પણ મળે નહિ. અને આપણી પ્રગતિ પણ ન થાય.

સેવાનું ફળ રાજીપો છે. અને જ્યારે રાજીપા માટે જ સેવા કરો તો તો એ અખંડ વૃત્તિ થઈ. કેમ કે મારે ભગવાનને રાજી કરવા છે. આવી ભાવના સતત રહી તો તે ભગવાનમાં જ વૃત્તિ છે. રાજીપાની ભાવનાત્મક વૃત્તિ છે તેજ અખંડ વૃત્તિ છે. પોતાના અતિ મોટા ભાગ્ય માનીને સેવા રાજીપાથી કરવી. માટે સદ્‌ગુરુની કૃપા અનિવાર્ય છે.

